TATA SHAKTEE GC SHEET
JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets
ISC Indian Steel Corporation Ltd.
durashine TATA BLUESCOPE STEEL
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૭૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા.
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા.

શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?

ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેકટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૪ * * * સંવત ૨૦૮૨ આસો વદ બારસ શુક્રવાર ૬ નવેમ્બર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૩૨૧

પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

ટ્રમ્પ સામે તેમના પક્ષમાંથી જ ઉઠ્યા વિરોધના સૂર



બાબા કેદારનાથ ધામને તાજી બરફવર્ષાથી કુદરતે કર્યો શણગાર

ઉત્તરાખંડના રુદ્રપ્રયાગ જિલ્લામાં આવેલા પ્રસિદ્ધ યાત્રા સ્થળ કેદારનાથ ધામ નજીક હિમવર્ષાને કારણે મંદિર પરિસર અને આસપાસની ટેકરીઓ બરફની સફેદ ચાદરથી ઢંકાઈ ગઈ છે. જાણે કે કુદરતે પોતે જ રાતોરાત તાજી હિમવર્ષાથી ધામને ચાંદીથી શણગાર્યું હોય તેવું પ્રતિત થાય છે. યાત્રા હવે તેના અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે, અને ભાઇ બીજે કેદારનાથ મંદિરના દ્વાર બંધ કરવામાં આવશે. વધતી ઠંડી અને સતત હિમવર્ષા છતાં, 'બાબા કેદાર' પ્રત્યે ભક્તોની અતૂટ શ્રદ્ધા અને ઉત્સાહ અકબંધ છે.

જે.ડી. વાન્સ પછી જાણીતા સેનેટર ટેડ ક્રુઝે પણ રિપબ્લિકન પક્ષના ધબડકા માટે ટ્રમ્પની ભૂલોને જવાબદાર ગણાવી

આ ફક્ત ચૂંટણી પરાજય જ નથી પણ વોટરગેટ કૌભાંડ વખતે જેવી બદનામી થઇ હતી તેવી બદનામી છે : ટેડ ક્રુઝ



વૉશિંગ્ટન, તા. 5 : મિડટર્મ ચૂંટણીઓએ ડોનાલ્ડ ટ્રમ્પના બીજા પ્રમુખપદના કાર્યકાળને સૌથી મોટો રાજકીય ફટકો આપ્યો છે, જેના કારણે વોશિંગ્ટનમાં સત્તાનું સંતુલન બદલાઈ ગયું છે ત્યારે રિપબ્લિકન પાર્ટી હવે બેવડા પડકારનો સામનો કરી રહી છે; એક તરફ કોંગ્રેસમાં લઘુમતીનો સામનો કરવાનો છે, તો બીજી તરફ પાર્ટીની અંદર ટ્રમ્પ વિરોધી સૂર ઉઠવા લાગ્યા છે.

આ જનાદેશ ટ્રમ્પના નેતૃત્વ જેટલો જ અર્થતંત્ર, ઈરાન યુદ્ધ અને શાસન પ્રણાલી પ્રત્યેના મતદાતાઓના અસંતોષ અંગેનો હતો. ટ્રમ્પે જેને પોતાના અંગત જનાદેશ તરીકે રજૂ કરવાનો પ્રયાસ કર્યો હતો, તે આખરે તેમના પ્રમુખ પદના અસ્વીકારમાં પરિણમ્યો છે. ગ્રાન્ડ ઓલ્ડ પાર્ટીની અંદર જ ટ્રમ્પ સામે વિરોધના સૂર ઊઠવાની શરૂઆત થઈ ગઈ છે, જેમાં વિપક્ષી નેતાઓ ઉપરાંત ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વાન્સ અને સેનેટર ટેડ ક્રુઝ જેવા નેતાઓ પણ તેમની વિરુદ્ધ થઈ રહ્યા છે. જે.ડી. વાન્સે કહ્યું જ છે કે ઈરાન યુદ્ધને કારણે પક્ષનો આ ધબડકો થયો છે અને ટ્રમ્પના ટેકેદારોએ તેમની વિરુદ્ધ જઈને ડેમોક્રેટો માટે મતદાન કર્યું છે.

...અનુસંધાન પાના 9 પર

ખુદ ટ્રમ્પના પુત્રએ પણ પક્ષના પરાજય માટે ઇરાન યુદ્ધને જવાબદાર ગણાવ્યું



વોશિંગ્ટન. પ્રમુખ ટ્રમ્પના પુત્ર ડોનાલ્ડ ટ્રમ્પ જુનિયરે પણ ઉપપ્રમુખ જેડી વેન્સ સાથે સૂર મિલાવીને, મધ્યસત્ર ચૂંટણીઓમાં રિપબ્લિકન પાર્ટીના ભારે પરાજય બાદ અમેરિકી પ્રમુખના ઈરાન સામેના યુદ્ધની આકરી ટીકા કરી છે. આ વિનાશક પરિણામો સામે આવ્યા બાદ, ઉપપ્રમુખે ટ્રમ્પના ઈરાન યુદ્ધ અંગે X પર એક લાંબી પોસ્ટ લખીને આકરા પ્રહારો કર્યા હતા. 2028ની રાષ્ટ્રપતિ ચૂંટણી માટે રિપબ્લિકન ઉમેદવારની દોડમાં આગળ ગણાતા વેન્સે, રિપબ્લિકન પાર્ટીની હારના મુખ્ય કારણો રજૂ કર્યા હતા અને મતદારોને MAGA આંદોલનના ભવિષ્ય માટે પાર્ટીને ફરી એક તક આપવા અપીલ કરી હતી. વેન્સે કહ્યું, 'આપણે જે કારણથી હાર્યા તે યુદ્ધ છે. રાષ્ટ્રપતિ પોતે જ ગઈકાલે રાત્રે આ વાત કહી

...અનુસંધાન પાના 9 પર

POKમાં પ્રદર્શનકારીઓ પર પાકિસ્તાની સૈન્યના ગોળીબારમાં સાતનાં મોત

સેનાએ પ્રદર્શનકારીઓ પર મશીનગન અને ડ્રોન વડે હુમલો કર્યો

મૃતકોમાં કેટકાલ બાળકો પણ સામેલ, 18 ગંભીર રીતે ઘાયલ



રાવલકોટ, તા. 5 : પાકિસ્તાન ગેરકાયદેસર કબ્જા હેઠળના કાશ્મીર (પીઓકે)ના રાવલકોટમાં ગુરુવારે પાકિસ્તાની સુરક્ષા દળોએ પ્રદર્શનકારીઓ પર ગોળીબાર કર્યો હતો. આ ઘટનામાં ઓછામાં ઓછા સાતનાં મોત થયાં છે અને 18 લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. માર્યા ગયેલામાં બાળકો પણ સામેલ છે.

યુનાઇટેડ કાશ્મીર પીપલ્સ નેશનલ પાર્ટી (યુકેપીએનપી) એ આરોપ લગાવ્યો છે કે, સુરક્ષા દળોએ શાંતિપૂર્ણ પ્રદર્શન કરી

...અનુસંધાન પાના 13 પર

અમીષ શાહ એરિઝોનામાંથી અમેરિકી સંસદના પ્રતિનિધિગૃહમાં ચૂંટાયા

હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવમાં પ્રવેશ મેળવનારા છઠ્ઠા ભારતીય બન્યા

રિપબ્લિકન ઉમેદવાર ફ્લૂટબોલર જે ફીલી સાથે ભારે રસાકસી બાદ છેવટે વિજયી જાહેર કરાયા



વોશિંગ્ટન, તા. 5 (PTI): ભારતીય-અમેરિકન ફિઝિશિયન અમિષ શાહે કોંગ્રેસમાં એરિઝોનાનું પ્રતિનિધિત્વ કરનારા પોતાના સમુદાયના પ્રથમ વ્યક્તિ બનીને ઇતિહાસ રચ્યો છે.

...અનુસંધાન પાના 9 પર

ટ્રમ્પ પર મહાભિયોગ ચલાવવાની તૈયારી કરી રહેલા ડેમોક્રેટ્સ

અમેરિકન કોંગ્રેસના બંને ગૃહો દ્વારા ટ્રમ્પ તંત્રના ભ્રષ્ટાચારની તપાસ શરૂ કરવામાં આવે તેવા સંકેતો

તપાસ લક્ષ્યોમાં ટ્રમ્પ પરિવારના વ્યાપારી વ્યવહારો, ICE દરોડા, એપસ્ટેઇન અને DOGEનો સમાવેશ થઈ શકે

વોશિંગ્ટન, તા. 5 (AP) : મધ્યસત્ર ચૂંટણીમાં રિપબ્લિકન પાર્ટીની હાર બાદ, રાષ્ટ્રપતિ ટ્રમ્પ સામે મહાભિયોગ કાર્યવાહીની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે, જેના કારણે તેમને પદ પરથી હટાવી શકાય છે. મધ્યસત્ર ચૂંટણીમાં રિપબ્લિકન પક્ષને હરાવીને ડેમોક્રેટ્સને કોંગ્રેસનો કબજો સોંપનારા મતદારો માટે ભ્રષ્ટાચાર સૌથી મોટી ચિંતાનો વિષય હતો. હવે, નવી શક્તિ મેળવનાર ડેમોક્રેટિક પાર્ટી આ મુદ્દાને મુખ્ય કેન્દ્રમાં રાખીને તપાસ અને નીતિ-નિર્માણ માટેનો પોતાનો રોડમેપ તૈયાર કરી રહી છે.

ડેમોક્રેટ્સ આરોપ લગાવી રહ્યા છે કે ટ્રમ્પે તેમના નજીકના સહયોગીઓને ફાયદો પહોંચાડવા અને સંપત્તિ એકઠી કરવા માટે તેમના પદનો ઉપયોગ કર્યો, જેનાથી સામાન્ય લોકોને નુકસાન થયું. કોંગ્રેસના બંને ગૃહોના વરિષ્ઠ ડેમોક્રેટ્સે શપથ લીધા છે કે તેઓ ટૂંક સમયમાં મેળવનારી બહુમતી સાથે મળતી સબપોના સત્તા અને વિશાળ તપાસ ટીમનો ઉપયોગ કરશે. તેઓ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના નજીકના લોકો દ્વારા જનતાના ભોગે પોતાના સ્વાર્થ સાધવાના આરોપોની

...અનુસંધાન પાના 9 પર

અમેરિકાના ચૂંટણી પરિણામોને વધાવી લેતું શેરબજાર: ૨૦૦૦ પોઇન્ટનો ઉછાળો

સેન્સેક્સ ૨૦૦૯ પોઇન્ટ અને નિફ્ટી ૫૭૬ પોઇન્ટ વધીને બંધ, ડેમોક્રેટોના વિજય પછી મધ્ય પૂર્વમાં શાંતિની આશાએ શેરબજાર ઉછળ્યું

વિશ્વના મોટાભાગના શેરબજારો વધ્યાં, અમેરિકી બજારમાં પણ ઉછાળો, જો કે એઆઇ શેરો ગગડ્યાં

મુંબઈ, 5 (PTI): બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE)નો સેન્સેક્સ ગુરુવારે અંદાજે ૨,૦૦૯ પોઈન્ટ ઉછળ્યો હતો અને નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE)નો નિફ્ટી ૫૭૬ પોઈન્ટ વધ્યો હતો. ક્રૂડ ઓઈલના ભાવમાં તીવ્ર ઘટાડા અને મધ્ય પૂર્વ સંઘર્ષના ઉકેલની આશા વચ્ચે આ ઉછાળો જોવા મળ્યો હતો, જ્યાં અમેરિકી મતદાતાઓએ મધ્યસત્ર ચૂંટણીના પરિણામોમાં વિપક્ષ ડેમોક્રેટિક પાર્ટીને યુએસ કોંગ્રેસનું નિયંત્રણ સોંપ્યું છે.

વિદેશી ફંડ્સના સતત રોકાણ અને યુએસ માર્કેટમાં તીવ્ર તેજીએ પણ રોકાણકારોના સેન્ટિમેન્ટને મજબૂત કર્યું હતું. તમામ ક્ષેત્રોમાં ખરીદીને કારણે બેંચમાર્ક નિફ્ટી-૫૦ ત્રણ મહિનાની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. ૫૦ શેરોવાળો આ ઈન્ડેક્સ છેલ્લે ૭ ઓગસ્ટે ૨૪,૫૭૦.૬૫ ની સપાટીથી ઉપર ટ્રેડ થયો હતો. ૩૦ શેરોવાળો BSE સેન્સેક્સ ૨,૦૦૮.૬૧ પોઈન્ટ અથવા ૨.૬૦ ટકાના ઉછાળા સાથે ૭૯,૩૧૦.૦૧ ની સપાટીએ બંધ રહ્યો હતો. જીઓજિત ઈન્વેસ્ટમેન્ટ્સ લિમિટેડના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું કે, "યુએસ મધ્યસત્ર ચૂંટણીના પરિણામે ભારતીય શેરબજારને નવી વેગ આપી છે. વોશિંગ્ટનમાં વધુ સંયમિત સરકાર ઈરાન સંઘર્ષ અને ટેરિફ નીતિઓમાં સુધારાનો માર્ગ મોકળો કરશે તેવી આશાથી તેજી મજબૂત બની છે.

એશિયન બજારોમાં દક્ષિણ કોરિયાનો કોસ્પી અને જાપાનનો નિક્કેઈ ૨૨૫ ઈન્ડેક્સ તીવ્ર ઘટાડા સાથે બંધ રહ્યા હતા, જ્યારે શાંઘાઈનો SSE કમ્પોઝિટ ઈન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ ઉછાળા સાથે બંધ થયા હતા. યુરોપના બજારો સકારાત્મક ઝોનમાં ટ્રેડ થઈ રહ્યા હતા. રોપીયન બજારમાં શરૂઆતી વેપાર દરમિયાન, જર્મનીનો DAX 0.6 ટકા વધીને 26,598.03 પર પહોંચ્યો હતો, જ્યારે પેરિસનો CAC 40 1.2 ટકાના ઉછાળા સાથે 8,276.55 પર પહોંચ્યો હતો. યુનાઇટેડ કિંગડમનો FTSE 100 1 ટકા વધીને 10,935.08 થયો હતો. અમેરિકામાં S|P 500 ફ્યુચરમાં લગભગ કોઈ ફેરફાર થયો નહોતો, જ્યારે ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રિયલ એવરેજ ફ્યુચર 0.4 ટકા વધ્યો હતો. બુધવારે S|P 500 માં 1.6 ટકાનો ઉછાળો

...અનુસંધાન પાના 13 પર

તા. ૦૫-૧૧-૨૦૨૬નું સુરત શહેરનું
હવામાન

મહત્તમ	લઘુત્તમ	ભેજ
૩૬.૩° સે.	૨૩.૬° સે.	૩૮%



